સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2020 / 17196 - 18026
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 15/ 12/ 2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ ડિસેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.
સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦
(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર પ્રથમસત્રમાં જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વિષયોની સામયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

ડિસેમ્બર માસમાં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- ડિસેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮માં ગુજરાતી (પ્રથમભાષા) અને ગણિત વિષયની કસોટી યોજવામાં આવનાર છે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. 30/૧૨/૨૦૨૦ અને ૩૧/૧૨/૨૦૨૦ દરમિયાન યોજવામાં આવનાર છે. તા.૨૯/૧૨/૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૯/૧૨/૨૦૨૦ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહીઓ તા. ૦૬/૦૧/૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.

- જે પ્રાથમિક શાળાઓમાં નાતાલનું વેકેશન જાહેર થયેલ હોય તે શાળાઓ આ કસોટીની તારીખોમાં ફેરફાર કરી શકશે. સદર શાળાઓએ તા. ૦૬/૦૧/૨૦૨૧ સુધીમાં કસોટીની ઉત્તરવહીઓ શાળામાં પરત આવી જાય એ રીતે કસોટીનું આયોજન કરવાનું રહેશે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | ધોરણ/ વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-3 | ધોરણ-4 | ધોરણ-5 | ધોરણ-6 | ધોરણ-7 | ધોરણ-8 |
| 1 | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી |
| પ્રકરણ નંબર | 6 | 8,9 | 8,9 | 10,11,12 | 10,11,12 | 11,12,13 |
| 2 | ગણિત | ગણિત | ગણિત | ગણિત | ગણિત | ગણિત |
| પ્રકરણ નંબર | 8,9 | 8,9 | 8,9 | 8 | 8,9 | 9,10,11 |

નોંધ: ઉપરોકત ફાળવણી ગુજરાતી માધ્યમની શાળાઓ માટે છે. અન્ય માધ્યમની પ્રથમભાષાની કસોટીઓમાં જે તે માધ્યમના પાઠ્યક્રમ મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

જા. નં./ઞ્ન્ન-૨/૨૦૨૦/૧૩૦૦૭
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: ૨૬/૧૨/૨૦૨૦

પ્રતિ
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની તાબા હેઠળની પ્રાથમિક શાળાઓ,
સુરત, જિ.-સુરત

રવાના તથા અમલ થવા સારૂ..

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.